# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- ❖ ખોરાક ક્ષેત્રનાં વેપારીઓ, આયાતકાર-નિકાસકારો માટે તત્કાળ લાઇસન્સ સુવિધાનો પ્રારંભ
- ❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાનાં વિચારો રજૂ કરશે
- ❖ રાજ્યના નાગરિકોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્યકક્ષાનો સ્વાગત કાર્યક્રમ આજે યોજાશે.
- ❖ UGC નેટ પરીક્ષા 21 ઑગસ્ટથી ચાર સપ્ટેમ્બર દરમિયાન લેવાશે
- ❖ આજે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રનાં મોટા ભાગનાં જિલ્લામાં ભારે વરસાદની આગાહી
- ❖ ટી-20 વિશ્વકપ ક્રિકેટની ફાઈનલ આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બાર્બાડોસમાં રમાશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# FSSAI Gujarat

કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ ગઇકાલે નવી દિલ્હી ખાતેથી ખોરાકના વેપારીઓ માટે તત્કાળ લાઇસન્સ / રજિસ્ટ્રેશન સુવિધાનો પ્રારંભ કર્યો હતો. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના જણાવ્યા પ્રમાણે 28 જૂનથી ગુજરાત સહિત ચાર રાજ્યોમાં પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં પ્રોજેક્ટ શરૂ થયાના એક કલાકમાં 250થી વધુ તત્કાલ લાઇસન્સ આપવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારની ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ફૂડ સેક્ટરમાં "Ease of Doing Business" ને વધુ પ્રોત્સાહન આપવા માટે અને ખાદ્ય પદાર્થના વેપાર સાથે સંકળાયેલા એકમો, આયાતકારો, વેપારી નિકાસકારો, જથ્થાબંધ વેપારીઓ, વિતરકો, ટ્રાન્સપોર્ટર, સ્ટોરેજ, ફૂડ વેન્ડિંગ એજન્સી, ચા-નાસ્તા વાળા, લારી વાળા, સીધા વિક્રેતાની સરળતા ખાતર આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગર ખાતે ખોરાકના વેપારીઓએ પણ હાજરી આપી હતી એમ રાજ્યના ફુડ સેફ્ટી કમિશનર ડો. એચ જી કોશિયાએ જણાવ્યું છે.

---

-માહિતી, અનિલ પટેલ -(NAVIN)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે અગિયાર વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર “મન કી બાત” કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની એક સો અગિયારમી કડી હશે. શ્રી મોદીના સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી પદ સંભાળ્યા બાદ આ “મન કી બાત”ની પહેલી કડી હશે.

અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

---------------------------------------------------------------------

- **POOL – PRAVESH.** -(NAVIN)

# CM Swagat Program

રાજ્યના નાગરિકોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્યકક્ષાનો સ્વાગત કાર્યક્રમ આજે બપોરે યોજાશે. નાગરિકો તેમની રજૂઆતો આજે સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોરે સાડા ત્રણ કલાકે મુખ્યમંત્રીના કાર્યાલયમાં જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને રજૂઆતો સાંભળશે.

ઉલ્લેખનીય છે કે, સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ દર મહિનાના ચોથા ગુરુવારે  યોજવામાં આવે છે, પરંતુ મુખ્યમંત્રી, મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં વ્યસ્ત હોવાથી ગુરૂવારને બદલે શનિવારે યોજાયો છે.

---

- માહિતી ખાતુ. અનિલ આર પટેલ, સોનલ

# NTA. UGC NET

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – N.T.A.એ હાલમાં જ રદ અને મોકૂફ કરાયેલી પરીક્ષાઓ માટે નવી તારીખ જાહેર કરી છે. N.T.A.એ ગઈકાલે જાહેર કરેલી સૂચનામાં જણાવ્યું કે, UGC નેટ જૂન 2024 પરીક્ષા હવે 21 ઑગસ્ટથી ચાર સપ્ટેમ્બર દરમિયાન લેવાશે. આ પરીક્ષા આ મહિનાની 18 તારીખે યોજાવાની હતી, પરંતુ તેના એક દિવસ પછી પરીક્ષા રદ થઈ ગઈ હતી. પરીક્ષાની વિશ્વસનીયતા જોખમાઈ હોવાની શિક્ષણ મંત્રાલયને માહિતી મળી હતી. સહાયક પ્રૉફેસર્સની નિમણૂક, Ph.D. અભ્યાસક્રમોમાં પ્રવેશ અને જૂનિયર રિસર્ચ ફેલોશિપની શિષ્યવૃત્તિ માટે UGC નેટ પરીક્ષા યોજવામાં આવે છે. હવે સંયુક્ત CSIR.-UGC નેટ જૂન 2024 પરીક્ષા હવે 25થી 27 જુલાઈએ લેવાશે.

ચાર વર્ષીય ઈન્ટિગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રૉગ્રામ – I.T.E.P.માં પ્રવેશ માટે નેશનલ કૉમન એન્ટ્રન્સ ટેસ્ટ -N.C.E.T.ને મોકૂફ રાખવામાં આવી હતી. હવે આ પરીક્ષા 10 જુલાઈએ લેવાશે.

N.T.A.એ કહ્યું કે, અખિલ ભારતીય આયૂષ અનુસ્નાતક પ્રવેશ પરીક્ષા 2024 પોતાના મૂળ સમયપત્રક મુજબ 6 જુલાઈએ જ યોજાશે. આ ઉપરાંત N.T.A.એ ઉમેદવારોને વધુ માહિતી મેળવવા માટે તેમની સત્તાવાર વેબસાઈટ www.nta.ac.in પર જવાની સલાહ આપી છે.

---

- POOL – PRAVESH. -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AMARNATH YATRA

52 દિવસ સુધી યોજાનારી અમરનાથ યાત્રા આજે સવારે કડક સુરક્ષા વચ્ચે કાશ્મીર ઘાટીના પહલગામ અને બાલટાલ માર્ગથી શરૂ થઇ છે.

આ યાત્રા આગામી 19 ઑગસ્ટ શ્રાવણ પૂનમના દિવસે પૂર્ણ થશે. જમ્મુ-કાશ્મીર વહીવટી તંત્રએ યાત્રાને સુરક્ષિત અને શાંતિપૂર્ણ બનાવવા માટે સુરક્ષાની યોગ્ય વ્યવસ્થા કરી છે.

---------------------------------------------------------------------

- POOL – PRAVESH.

-(NAVIN)

# Train Cancelled

અમદાવાદથી ઋષિકેશ સુધી ચાલતી અમદાવાદ-યોગ નગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ 30 જૂનથી 3જી જુલાઇ દરમિયાન રદ્દ કરવામાં આવી છે. રેલવે મંત્રાલયની યાદી પ્રમાણે, ઉત્તર રેલવેના રૂરકી- દેવબંદ વિભાગમાં નૉન-ઇન્ટરલોકિંગ કામગીરી ચાલી રહી હોવાથી આ નિર્ણય લેવાયો છે.

દરમિયાન, પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ - લાલકુઆં સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને 30 સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

એવી જ રીતે ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની ટ્રિપ્સમાં સુધારો કરાયો છે. ટ્રેનોના સ્ટોપેજના સમય સહિતની વિગતવાર માહિતી રેલવેની વેબસાઈટ enquiry.indianrail.gov.in પર ઉપલબ્ધ છે.

---------------------------------------------------------------------

- રેલવે યાદી, અનિલ આર પટેલ, સોનલ

# WEATHER

હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે તથા બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા અને સૌરાષ્ટ્ર પ્રદેશ સહિત અન્ય જીલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. સાથે જ રાજ્યના મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો છે.

ગત 24 કલાકમાં સૌથી વધુ ભુજ જિલ્લામાં બે ઇંચ તથા ભાવનગરના મહુવામાં એક ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. રાજ્યના અન્ય સ્થળોએ સામાન્ય વરસાદ નોંધાયો છે.

અમારા અમરેલી જિલ્લાના પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે અમરેલી જિલ્લામાં ચોમાસામાં પુરના કારણે અને લોકો ડૂબી જવાના અને તણાઈ જવાના બનાવો અટકાવવા અમરેલી જિલ્લામાં રાજય સરકાર દ્વારા એક NDRFની ટીમ તૈનાત કરાઈ છે. આપત્તિ વ્યવસ્થાપનની આ ટીમ સમગ્ર જિલ્લામાં વરસાદની સ્થિતિ ઉપર નજર રાખી રહી છે. આ ટીમ અમરેલીમાં ચોમાસાના 4 મહિના સુધી સ્ટેન્ડ બાય રહેશે.

---

-યાદી, પીટીસી, અમરેલી, હર્ષ -(NAVIN)

# EPS change

કેન્દ્ર સરકારે કર્મચારી પેન્શન યોજના (ઇપીએસ), 1995માં સુધારો કર્યો છે.  આ અંતર્ગત છ મહિનાથી ઓછી પ્રદાનકર્તા સેવા ધરાવતા ઇપીએસ સભ્યોને પણ ઉપાડનો લાભ મળશે. આને કારણે 6 મહિનાથી ઓછી સેવા આપનારા 7 લાખથી વધુ ઇપીએસ સભ્યોને લાભ થશે.

આ ઉપરાંત, સરકારે કોષ્ટક ડીમાં પણ ફેરફાર કર્યો છે, જેને પગલે સભ્યોને સપ્રમાણ ઉપાડનો લાભ આપવા માટે સેવાના દરેક પૂર્ણ થયેલા મહિનાને ધ્યાનમાં લેવામાં આવશે. ઉપાડના લાભની રકમનો આધાર હવેથી સભ્ય દ્વારા પૂરી પાડવામાં આવેલી સેવાના પૂર્ણ થયેલા મહિનાઓની સંખ્યા અને ઈપીએસ યોગદાન કયા વેતન પર પ્રાપ્ત થયું હતું તેના પર રહેશે.. એક અંદાજ મુજબ ટેબલ ડીના આ સુધારાનો લાભ દર વર્ષે 23 લાખથી વધુ સભ્યોને મળશે.

---

--પીઆઇબી, અનિલ આર પટેલ

-(NAVIN)

# T20 WORLD CUP

ટી-20 વિશ્વકપ ક્રિકેટની ફાઈનલ મેચ ભારતીય સમય અનુસાર આજે રાત્રે આઠ વાગ્યે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બાર્બાડોસમાં રમાશે.

રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમે સેમિ-ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડને 68 રનથી હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. અન્ય એક સેમિ-ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને હરાવ્યું હતું. આ મેચ ભારતના મુખ્ય કોચ તરીકે રાહુલ દ્રવિડની છેલ્લી મેચ હશે.

---

-પુલ, પ્રવેશ -(NAVIN)

# MANREGA TREE PLANTATION

દાદરા નગર હવેલીની વિવિધ પંચાયતોમાં મનરેગા યોજના હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ હેઠળ દાદરા નગર હવેલીના ૭૫ સ્થળોએ ૮ હજાર ૭૧૬ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. જેના દ્વારા ૬૭૪ જેટલા મનરેગાના લાભાર્થીઓને એક દિવસ માટેની રોજગારી પણ પુરી પાડવામાં આવી હતી.

જિલ્લા પંચાયત દાદરા અને નગર હવેલીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અરૂણ ગુપ્તાએ ખરડપાડા અને સાયલી ગ્રામ પંચાયતનું નિરીક્ષણ કર્યું હતું અને વાવેતર કાર્યક્રમમાં ભાગ લીધો.

આ કાર્યક્રમમાં સંબંધિત ગ્રામ પંચાયતોના જિલ્લા પંચાયત સભ્ય, સરપંચ, વોર્ડના સભ્ય, ગ્રામ સેવક, આયોજન કચેરીના કર્મચારીઓ અને મનરેગા વિભાગના તમામ કર્મચારીઓએ ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------

- PTC-DAMAN- PRADEEP BHAVSAR, AMITA, sonal

# JASDAN VIKAS KAM

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકા સેવા સદન ખાતે જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયના અધ્યક્ષસ્થાને 'આપણો તાલુકો, વાઈબ્રન્ટ તાલુકો' હેઠળ કાર્યવાહક આયોજન સમિતિની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે જસદણ તાલુકામાં રૂ. ૧૧૭ લાખના અને વીંછિયા તાલુકામાં રૂ. ૧૧૯ લાખના એ.ટી.વી.ટી.નાં વિકાસ કામો મંજુર કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------

- પીટીસી રાજકોટ, અનિલ પટેલ -(NAVIN)